**સમય** : સાંજે ૦૫.૦૦ થી ૦૭.૦૦ **સ્થળ** : વણિક વાડી
**સંપર્ક** : શ્રી મયુર શાહ - ૯૮૬૯૭૬૭૧૪૨, શ્રી પ્રશાંત પરીખ - ૯૮૩૩૮૮૪૫૦૬
ગેમ. ડૉ. રાકેશ શાહ અને ડૉ. ભૃકુટીબેન શાહ અને તેમની ટીમ રમાડશે.

**✻ તા. ૧-૧૧-૨૦૨૪ - શુક્રવાર ✻**

**✤ ડાયનાસોર મ્યુઝિયમ પાર્ક (Dinosaur Museum Park)**
**સમય** : સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ સુધી **સ્થળ** : હોળી ચકલા
**સંપર્ક** : શ્રી સન્ની ગાંધી - ૯૯૩૦૮૪૭૬૩૦, શ્રી ચિરાગ કડકીઆ - ૯૮૨૦૧૫૪૩૧૪

જે લોકો ડાયનાસોર મ્યુઝિયમ પાર્કમાં આવવાના હોય તેમનો નાસ્તો સવારે ૦૭.૦૦ વાગે રહેશે અને સવારે ૮.૦૦ વાગે હોળી ચકલા થી ડાયનાસોર મ્યુઝિયમ પાર્ક તરફ જવાનું રહેશે. **જેના વ્યક્તિદીઠ રૂા. ૨૫૦/- વધારે આપવાના રહેશે. (તેમાં એન્ટ્રી ફી / 5 ડી ફિલ્મ / VR ફિલ્મ અને મુસાફરી આવેલ છે.**

**✤ હાઉઝી ગેમ** : **સમય** : સાંજે ૦૫.૦૦ થી ૦૭.૦૦ **સ્થળ** : વણિક વાડી, એ.સી. હોલ
**સંપર્ક** : શ્રીમતી રચના શાહ - ૯૩૨૩૩૨૩૯૯૭, શ્રીમતી ચિનાર ધારીઆ - ૯૮૩૩૮૬૭૬૦૪
**નોંધ** : હાઉઝી ગેમ ડૉ. રાકેશ શાહ અને ડૉ. ભૃકુટીબેન શાહ અને તેમની ટીમ રમાડશે.

❖ **શ્રી ગોકુલનાથજી મંદિર કિર્તન પ્રદક્ષિણા : સમય :** અંદાજીત રાત્રે ૯.૦૦ કલાકે

**❋ તા. ૦૨-૧૧-૨૦૨૪ - શનિવાર ❋**

❖ **શ્રી ગોવર્ધન પૂજા** : સમય : અંદાજે સવારે ૧૦.૩૦ કલાક

❖ **દાંડિયા રાસ - ડી. જે. સાથે - સમય :** રાત્રે ૦૭.૩૦ થી ૧૧.૩૦ સુધી સ્થળ : સિદ્ધનાથ પાર્ટી હોલ

નોંધ : તા. ૦૨-૧૧-૨૦૨૪ના રાત્રિ ભોજનનું આયોજન સિદ્ધનાથ પાર્ટી હોલમાં રાખવામાં આવેલ છે.

**❋ તા. ૦૩-૧૧-૨૦૨૪ - રવિવાર ❋**

❖ **ફરી મુંબઈ જવાનો સમય : નોંધ :** (૧) જેમની ટિકિટ શતાબ્દી એક્સપ્રેસની હશે તેઓનું જમવાનું સવારે ૧૧.૩૦ વાગે તૈયાર રહેશે તેમને બપોરે ૦૧.૦૦ વાગે તેમની મુસાફરીના સ્થળે સામાન સાથે પહોંચી જવું પડશે. તેમની ટ્રેન નડિયાદથી બપોરે ૦૩.૪૧ કલાકે છૂટશે. (૨) જેમની ટિકિટ એકતા નગર (બરોડા એક્સપ્રેસ) માં રહેશે તેમને સાંજે ૦૫.૦૦ વાગે તળાવ દરવાજે સામાન સાથે બસમાં મુસાફરી કરી વડોદરા પહોંચવું, તેમની ટ્રેન રાત્રે ૧૦.૫૦ કલાકની રહેશે.

**❋ નોંધ ❋**

૧) ઉપરના કોઈપણ પ્રોગ્રામમાં ફેરફાર કરવાની સત્તા ફક્ત શ્રી બાલાસિનોર નવયુવક સંઘની રહેશે.

૨) દરરોજ નિયમ મુજબ સવારનો નાસ્તો ૦૮.૩૦ થી ૧૦.૦૦ સુધી. બપોરનું જમવાનું ૧૨.૦૦ થી ૦૧.૩૦ સુધી. બપોરના હાઈ ટી : ૦૪.૦૦ થી ૦૫.૦૦ સુધી. રાત્રે જમવાનું : રાત્રે ૦૭.૩૦ થી ૦૯.૦૦ સમય દરમ્યાન રહેશે.

| મંત્રી | કાર્યકારી પ્રમુખ<br>કૉ.ઓર્ડીનેટર | સંયોજક |
|---|---|---|
| **અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** | **જીગર મણિકાંત કડકીઆ** | **ઊર્મિલ નવીનચંદ્ર કડકીઆ** |


**20 % DISCOUNT**

**DR. SPINA MEHTA CHOKSI**

# THE DENTAL BAY

*For a Lifetime of Smiles*

**Our services :**

- Implant
- Root Canal Treatment
- Smile Designing / Cosmetic Dentistry
- Teeth Whitening
- Child Dental Care
- Orthodontic Braces - Invisalign
- Wisdom Tooth Extraction
- Full Mouth Rehabilitation

**Number : 9819611045 / 9833250129**

***Shifted To***

102, First Floor, Doctor Centre, Above Litolier Floorings, Kempscorner, Mumbai - 400036

# 'એક કપ ચા હ !'ની સંગત સારી, પણ એક 'કપ ટી' ની સંગત બૂરી

✍ ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ

સંગતનો પ્રાણ માનવતા છે. માનવતા એટલે માનવ દ્વારા માનવ માટે બધું કરી છૂટવાની વૃત્તિ-પ્રવૃત્તિ. માનવતા નાં મુખ્ય ક્ષેત્રો છેઃ પેટ, આરોગ્ય, રોજી, ભણતર, સુરક્ષા, આપાતકાલ, ભૂખ્યું પેટ મોટેભાગે પાપ નાં માર્ગે ચાલી શકે. તેમ જ રોજી-રોટી પણ પાપ આચરણ ન કરવાની સમજણ પર હાવી થઈ માણસ પાસે ખોટા કામ કરાવવાની મજબૂરીને ઉશ્કેરે છે. વિશ્વાસઘાત જેવું દર્દીલુ પાપ તો નરકનાં પગથિયાં ચડવા જેવો વિનાશ નો માર્ગ છે. દીન, દુઃખી, લાચાર માણસોને રંજાડવા તો ગુંડાગીરી કહેવાય. સામર્થ્યનો દુરુપયોગ ગણાય. પરંતુ સારાઈની મજબૂરી એક જ છે કેઃ વિશ્વાસ કેળવવા માટે સંયોગ અને અનુભવ પર નિર્ધારિત રહેવું પડે ! આજનો સમય રામ-રાજ્યનો નથી. માણસ જાતની વૃત્તિ અને વલણ હોય જૂદા-જૂદા શબ્દો અને વહેવાર હોય જૂદા-જૂદા ! કેમ કરી વિશ્વાસ કેળવાય વાસ્તવિક જીવનમાં બે વ્યક્તિ નવી દિશા આપી જાય : એક મોકો આપવા માટે માણસાઈ થી તત્પર હોય છે જ્યારે બીજો કોઈ પણ વ્યક્તિની સફળતા ને સ્વીકારી નથી શકતો તેથી સફળતાને પામવા ન દેવા કાવતરા ઘડી ધોખો આપે છે ! આ વાત આ જમનાની કડવી હકીકત છે. પરંતુ એવા ઘણા દાખલા સાંભળ્યા છે જેઓ પોતાનો સ્વાર્થ ન જોતા બીજાને મદદરૂપ થવા તત્પર હોય છે . આવા જીવનનું લક્ષ્ય સુખી થવાનું અને બીજાને સુખી રાખવાનું ધ્યેય ધરાવતા લોકો ગુણવત્તાનાં સર્વોચ્ચ સ્થાને સુખી હોય છે. ખરેખર આવા લોકો સાથે સંપર્કમાં આવવું એ ધન્ય છે. કારણ કે આવા લોકો સંત જેવા હોઇ શકે છે. પરંતુ સંતનો વેશ ધારણ કરી બીજાને દુઃખી કરતો હોય તો તે દુષ્ટતાનો ઠગ હોય! તો વાત એ છે કેઃ સાધુ વેશ-આધારિત બધાય સંત જ હોય એ સમજણ ઠગારી નિવડી શકે ! તેથી પ્રશ્ન એક જ છે કેઃ માણસની સચ્ચાઈ કઈ રીતે જણાય ? સામાન્ય જવાબ એજ છે કેઃ જેઓ સન્માનથી કદીયે અભિમાની નથી થતા, અપમાનથી ક્રોધિત નથી થતા તેમજ ક્રોધિત હોય તો પણ તે ક્યારેય કઠોર શબ્દો નથી બોલતા, વાસ્તવમાં તેઓ જ શ્રેષ્ઠ છે. વિશ્વાસ રાખવા લાયક હોય છે ! તેમ છતાં આવા આચરણની જાણકારીઓનો અનુભવ કરવો ઘણો અઘરો છે કારણ કેઃ માણસ જાતમાં એક વિશેષ ગુણ અથવા તો અવગુણ હોય જ છે : વાણી ઉચ્ચારે રામ-રામ : મન ઈચ્છે : તારો નાશ-નાશ ! માનવ સંબંધને પારખવો ઘણો મુશ્કેલ છે જ! માનવ સંબંધો જ્યારે ભારરૂપ બને ત્યારે વિશ્વાસ ભર્યા હોય પરંતુ એ સંબંધોમાં અપેક્ષા ખૂબ હોયઃ જેનો ભાર લાગે તોયે આવા સંબંધો પારીવારિક હોય અથવા તો ગહેરી દોસ્તીનાં હોય : તેથી સાથે બેસીને 'એક કપ ચા હ' જરૂરથી પિવાય, વિશ્વાસ પણ ધરાય પરંતુ અપેક્ષા ન રખાય . આવા માનવ સંબંધોમાં ફક્ત એક વાતનું ધ્યાન રાખવાનું આવશ્યક હોય છે કેઃ વાત વાતમાં પ્રતિક્રિયાત્મક ભાવના પ્રતિત થતી રહે તો એ સંબંધ ઝાંઝવાનાં જળ બની રહી જાય . જેમ કે રેતી : ક્યારેય સૂર્યનાં કિરણોને ઝીલી નથી શકતી કે નથી અપનાવતી શકતી. રેતી ફક્ત ઉષ્ણતા આપી શકે ! જ્યારે માટી ભીની બની રહી સૂર્યનાં કિરણોને જમીનમાં ઉંડે ઉતારી દઈ વૃક્ષનાં બીજ રોપી શકે છે ! તેથી આવા ગહેરા સંબંધો પર આંખો બંધ કરીને પણ વિશ્વાસ ઉછેરાય ; રોજ સાથે બેસી 'એક કપ ચા હ' નો આનંદ માણી શકાય ! આવા મન-હૃદય સાથે જોડાયેલા સંબંધો હંમેશા લીલાછમ

રહે ! તેથી માન્યતા છે કે સંબંધોને ઉછેરવા : વિશ્વાસ કેળવવાઃ એક-બીજાની વાત એક-બીજાની ભાષામાં એક-બીજાને પારિવારિક સ્તરે સમજાવવા તેમ જ સમજવાની છે !

વાત કરીએ 'એક કપ ટી' ની. 'એક કપ ટી' શબ્દ તેમ જ 'એક કપ ચા હ' શબ્દોની વચ્ચે અવકાશ ન રાખવામાં આવે તો શબ્દો ફક્ત આપણા સ્વાદ અને સુગંધ સાથે જોડાયેલા અર્થમાં દોસ્તીની ધારામાં રહે છે પરંતુ 'એક કપ ચા હ'નાં બે શબ્દો આપણી ભાષામાં એકબીજાને પ્રેમથી જોડતી અરજીનાં છે જ્યારે બીજી ભાષાનાં 'એક કપ ટી' શબ્દનો અર્થ અવિશ્વસનિયતા પ્રેરે છે ! આ તો ફક્ત શબ્દોનાં વપરાશ, જોડણીનો દાખલો છે. પરંતુ સંબંધોથી જોડાયેલા ઉપરચ્છલ્લા શબ્દો; એકબીજા વચ્ચેની સમજણ વચ્ચે કપટી કે ધોખાભર્યા હોઇ શકે છે. માણસનું બ્લડ પ્રેશર વધારી શકે છે . આપણી દ્રષ્ટિ નિખાલસ હોવાથી 'પાપ' સુધી કદાચ પહોંચી શકતી જ નથી ! આ પૃથ્વીના પટ પર કદાચ એક પણ માણસ નહીં હોય જેણે શબ્દો દ્વારા ક્યારેય કોઇનું નિર્દોષ ખૂન નહીં કર્યું હોય ! જોખી જોખીને સાવધ રહીને બોલનાર વ્યક્તિથી પણ કોઇક વખત કોઇની કુમળી લાગણીનો વધ થઈ જાય ! તેથી 'સાથ તેવો સંગાથ' ની કહેવત વહેતી થઈ હશે ! સામેવાળાને પરખવા આ કહેવતનું ઘણું મૂલ્ય છે ! અજાણી વ્યક્તિને કે જાણીતી વ્યક્તિને ઓળખવા પ્રાથમિક આવશ્યક્તા એજ છે : વિશ્વાસ ઉછેરવા એ ધરતી ની આજુ-બાજુની જગ્યાની પણ જાણકારી મેળવી લઈએ ! કોઈ ધનવાન વ્યક્તિને આપણે સામાન્ય રીતે એનાં ગજવાનાં બેન્ક બેલેન્સથી માપીએ છીએ; ચરિત્રતાનાં આચરણથી નહીં. અને ધોખો પામીયે છીએ. પૈસાને કારણે માનવી કિંમતી મનાય પરંતુ એને ચોક્કસ મૂલ્યવાન વ્યક્તિ તો ન જ મનાય ! આપણાં અક્ષયપાત્રને ભિક્ષાપાત્રમાં ફેરવી ન શકાય !

દુનિયામાં માણસો ત્રણ પ્રકારનાં હોય છેઃ ધનવાન, ઋણવાન અને ગુણવાન ! આવા માણસો પાસેથી જરૂરિયાતમંદોની માંગણી હોય આવાસ, આહાર, આવરણ અને પ્રેમ નિતરતી બે આંખો જે આપસમાં સંબંધ ન હોવા છતાં નિસ્વાર્થ સંબંધો બાંધી શકે ! પ્રેમ નિતરતી આંખો નિષ્કપટતા છલકાવી શકે, વિશ્વાસ ભરી આહટ રેલી શકે ! જ્યારે કપટી વ્યક્તિ સામેવાળાની અપેક્ષાઓને ગુલામીની આશા થી તોલે ! કપટી વાણી આકર્ષક હોવાથી એનું આકર્ષણ ઘર્ષણ કરાવવામાં માહિર હોય છે. અને આ આકર્ષણ જરૂરિયાતમંદોની મોટામાં મોટી નિર્બળતા છે. વાણી તકરાર માટેનું સાધન છે તો સમાધાન માટેનું સાધન પણ છે. સામા માણસની ચેતનાનું હરણ પણ કરી શકે અને જીવતદાન પણ બક્ષી શકે. વાણી કાતરનું કામ પણ કરી શકે સાથે સોયનું પણ




NIRAV
Photo Arts
• HD VIDEO SHOOTING - PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND
Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776
304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

! આવશ્યક્તા એટલી જ છે કે કોઇ સાથે ‘ચા’પી લઈએ એનો વાંધો નહીં બીજી વખત સાથે બેસી ‘ચા ની મોજ માણીએ એનો પણ વાંધો નહીં પરંતુ સામે વાળાનાં શબ્દો દોસ્તીનાં હોય અને ભાવ સ્વાર્થીલો હોય તો સામેવાળાનાં ચરિત્રની જાણકારી આવશ્યક હોય! અર્થાત : શબ્દો કે વાણીમાં સામા માણસને વીંધી નાખવાની નિર્દય શક્તિ હોય છે. શબ્દો તો છૂટેલા તીર જેવા હોય જે ક્યારેય પાછા વાળી નથી શકાતા. આપણી ભાષામાં કહેવત છે ને કે : ‘‘ન બોલાયેલા શબ્દોનાં તમે માલિક છો, બોલાયેલા શબ્દોનાં નહીં’’ કપટી વાણીનો તણખો નાનકડો હોય તો પણ ઘાસની ગંજીને ભડ-ભડ બાળી શકે ! માણસની ઉર્મીઓને તેમજ આશા, ભરેલા જીવનને નિષ્ઠુરતા થી ભેદી શકે ! કવિ શ્રી ઊમાશંકર જોશીનાં ગીતનાં શબ્દો યાદ આવે છે : ‘‘માનવીનાં હૈયાને છેદવામાં વાર શી? અધ-બોલ્યા બોલડે-થોડા અબોલડેઃ પોચા શા હૈયાને પીંજવામાં વાર શી? માનવીનાં હૈયાને નંદવામાં વાર શી?’’

તેથી જ વિચારોમાં રાચતા રહેતા, સાથે બેસી ચા પીતા; ચાહ પામતા અને ચાહનો સ્વાદ ચખાડતા મિત્રો તો દિવાલ જેવા હોવા જોઇએ, જે આપણી વાતનો પડઘો પાડે; પણ આપણી વાત બહાર ન જવા દે. વિશ્વાસઘાત ન થવા દે ! સરસ મજાનાં દોહા સાંભળેલા છે : એકાદ ‘‘બે રજુ કરવાની ઈચ્છા ધરાવું છું ! ‘‘સત્ય સમો ન ધર્મ કોઇ, જૂઠ સમું નહીં પાપઃ જેનાં હૃદયે સત્ય છે, ત્યાં પ્રભુ આપો આપ.’’ - ‘‘કડવું બોલે કાગડો, મીઠું બોલે મોર વાણી માત્રનાં ભેદથી, કેટલો મોટો ફેર?’’ સાધુ સંત દેખ્યા ઘણાં, સાચા સાધુ કોક; તરે અને તારી શકે એવા દુર્લભ કોક.’


❖❖❖

Dent Villa
The Complete Family Dental Care

Dr. Shikha Dharia
BDS

**Treatments we offer :**
- Consultation with X-ray
- Scaling
- Root Canals
- Filling
- Implants
- Dentures
- Crowns
- Teeth whitening
- Orthodontic treatment
- Child dental care
- Dental jewellary



To avail a free consultation and 15% Discount on all your treatment Call us on :
8779558970
8879088330
dr.shikhadharia@gmail.com

Address : 9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai 400 007
Monday to Saturday : 10.00am to 8.00pm

# સવારે ખાલી પેટ આ ડ્રાયફ્રુટનું પાણી પીવાથી મળશે આ ૭ ચમત્કારિક લાભ

✍ **ડૉ. રીટા ગાંધી**

કિસમિસ ડ્રાયફ્રુટનો જ ભાગ છે. મોટાભાગના લોકો તેને ખાવું પસંદ કરે છે. કિસમિસ આપણા આરોગ્ય માટે ખૂબ લાભકારી હોય છે. તેનાથી શરીરનો વિકાસ સારી રીતે થાય છે. જો એ કિસમિસના પાણીની વાત કરીએ તો તેનાથી પણ સ્વાસ્થ્ય સંબંધી અનેક પ્રકારની બીમારીઓ દૂર થાય છે. કિસમિસને રોજ રાત્રે પાણીમાં પલાળીને મુકી દો અને સવારે તેનું પાણી પીઓ. પછી જુઓ તેનાથી તમે કેવા એકદમ સ્વસ્થ દેખાશો.

૧. **આંખની રોશની તેજ :** આ પાણીમાં વિટામિન એ, બીટા કેરોટિન હોય છે જે આંખો માટે લાભકારી તત્વ હોય છે. તેથી રોજ સવારે કિસમિસનું પાણી પીવો. તેનાથી આંખો કમજોર નહીં થાય.

૨. **નબળાઈ દૂર :**કિસમિસના પાણીમાં એમીનો એસિડ્સ હોય છે જે બોડીને એનર્જી આપવાનું કામ કરે છે. તેનાથી થાક પણ દૂર થાય છે.

૩. **કબજિયાતમાં આરામ :** કિસમિસ પાણીમાં ફૂલીને નેચરલ લેક્સેટિવનું કામ કરે છે. રોજ સવારે ખાલી પેટ કિસમિસનુ પાણી પીવાથી પેટની સારી રીતે સફાઈ થઈ જાય છે.

૪. **એસિડિટીમાં આરામ :** કિસમિસમાં વર્તમાન સૉલ્યૂબલ ફાઈબર્સ પેટની સફાઈ કરીને ગેસ અને એસિડિટીથી રાહત અપાવે છે.

૫. **કિડની સ્વસ્થ :** કિસમિસના પાણીમાં પોટેશિયમ અને મેગ્નેશિયમ જેવા મિનરલ્સ હોય છે જે બોડીમાંથી ટૉક્સિન્સ કાઢીને કિડનીને હેલ્થી બનાવવાનું કામ કરે છે.

૬. **લોહીની કમી પૂરી :** કિસમિસના પાણીમાં આયરન, કૉપર અને બી કૉમ્પલેક્સની ભરપૂર માત્રા હોય છે. આ લોહીની કમીને પૂરી કરીને બ્લડ સેલ્સને હેલ્થી બનાવે છે.

૭. **કેંસરથી બચાવ :** કિસમિસના પાણીમાં રહેલા એન્ટી ઓક્સીડેંટ્સ શરીરના સેલ્સને હેલ્થી બનાવીને કેંસર જેવી બીમારીઓથી આપણી રક્ષા કરે છે

---

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

મેડીક્લ સ્કીમ હેઠળ રીલાયન્સ ફાઉન્ડેશન (હરકિસન હોસ્પિટલ) ખાતે ''વિટામીન B12 અને વિટામીન D3 ''ની ટેસ્ટ રૂા.૬૭૫/- અંકે રૂા.છસો પંચોતેર પૂરા આપી કરાવી શકાશે. આપણાં મેડીકલ સેન્ટર, ચોપાટીથી આ માટેની અરજી મેળવી લેવી. આ સ્કીમનો લાભ લેવા સર્વેને વિનંતી. **પ્રમુખ : શ્રી નીતીન જ. પરીખ (બખલી)**

## અનુકરણીય દાન

**રૂા.૩૧,૦૦૦/- સમીર પ્રવીણચંદ્ર ધારીઆ (લાલખા)**

મેડીક્લ સ્કીમ એન.એમ.મેડીક્લ ફુલ બોડી ચેકઅપ એક સાથે એક (ફ્રી) તા.૧-૧૦-૨૦૨૪થી શરુ થાય છે.

**માનદ્ પ્રમુખ : શ્રી નીતીન જ. પરીખ (બખલી)**




## અમે મહિયારા રે

નરસિંહ મહેતા

અમે મહિયારાં રે ગોકુળ ગામનાં
મારે મહી વેંચવાને જાવાં, મહિયારાં રે.... ગોકુળ ગામનાં...
મથુરાને વાટે મહી વેંચવાને નીસરી,
નટખટ નંદનો કિશોર માગે છે દાણજી
મારે દાણ લેવાને દેવા, મહિયારાં રે.... ગોકુળ ગામનાં...
માવડી યશોદાજી કાનાને વાર જો
દુઃખડાં દીયે હજાર બહુ એ સતાવતો,
મારે દુઃખ સહેવાં ને કહેવા, મહિયારાં રે.... ગોકુળ ગામનાં...
યમુનાને કાંઠે કાન વાંસળી વગાડતો
ભુલાવે ભાન સાન ઊંઘથી જગાડતો
મારે જોવું ને જાવું, મહિયારાં રે.... ગોકુળ ગામનાં...
મહેતા નરસિંહનો સ્વામી લાડકડો કાનજી,
ઉતારો આતમથી ભવભવના પારથી,
નિર્મળ હૈયાની વાત કહેવા, મહિયારાં ર.... ગોકુળ ગામનાં...

卐 卐 卐 卐 卐 卐 卐 卐 卐 卐

## રમવાને ગ્યાં' તાં તમે

લોકગીત

રમવાને ગ્યાં'તાં અમે સૈયર ચોકમાં,
મોતી ખોવાણું મારું રમતાં હો જી રે... રમવાને.....
જડ્યું હોય તો આલો, મારા નાના નણંદ બા,
એ..તમને આપું મારા, હૈયા કેરો હારલો હો જી રે...રમવાને..
જડ્યું હોય તો આલો, મારા નાના દેરીડા,
એ... તમને આપું મારા, હૈડા કેરો હારલો હો જી રે...રમવાને..
જડ્યું હોય તો આલો, મારાં નાનાં ભાણેજડાં,
એ... તમને આપું મારા, હૈડા કેરો હારલા હો જી રે...રમવાને..
રમવાને ગ્યાં'તાં અમે સૈયર ચોકમાં,
મોતી ખોવાણું મારું રમતાં હો જી રે... રમવાને.....

## મા પાવા તે ગઢ થી ઊતર્યા

(રાગ : ભીમ પલાસ, તાલ : ખેમટો)

મા પાવા તે ગઢથી, ઊતર્યા, મા કાળી રે
માએ વસાવ્યું ચાંપાનેર, પાવાગઢવાળી રે
મા ચાંપા તે નેરના ચાર ચૌટા મા કાળી રે,
સોનીએ માંડ્યા હાટ, પાવાગઢવાળી રે.. મા પાવા તે ગઢથી
મા સોનીડો લાવે રૂડાં ઝૂમણાં, મા કાળી રે
મારી અંબા માને કાજ, પાવાગઢવાળી રે.. મા પાવા તે ગઢથી
મા માળી તે આવે મલપતો, મા કાળી રે
એ તો લાવે છે ગજરાની જોડ, પાવાગઢવાળી રે..મા પાવા તે ગઢથી
મા કુંભારી આવે મલપતો, મા કાળી રે,
એ તો લાવે છે ગરબાની જોડ, પાવાગઢવાળી રે..મા પાવા તે ગઢથી
મા સુથારી આવે મલપતો, મા કાળી રે
એ તો લાવે છે બાજઠની જોડ, પાવાગઢવાળી રે..મા પાવા તે ગઢથી
મા ગાય શીખે ને સાંભળે, મા કાળી રે
તેની અંબા મા પૂરજો આશ, પાવાગઢવાળી રે.. મા પાવા તે ગઢથી

卐 卐 卐 卐 卐 卐 卐 卐 卐 卐


## ગરબે ઘૂમે


(રાગ : ગરબે રમે આનંદે રમે આજ નવદુર્ગા)


ગરબે ઘૂમે, રે ગરબે ઘૂમે રે
આજ મારી અંબા ગરબે ઘૂમે
હરખે રમે, મા હરખે રમે રે... આજ.....
ચાચરના ચોકમાં, તું ગરબે રે ઘૂમતી
ફૂદડી ફરીને મા, તું રાસ રચાવતી
જોઈ જોઈ રાસને હૈયું ઘેલું બને રે... આજ.....
રાસ નિહાળી દેવો, ભાનને હો ભુલતા
માને ચરણ પડી, માનવ આનંદના
આનંદ આનંદ આજ છાઈ રહે રે... આજ.....
સોળે કળાએ માતા ત્યાં તો પ્રકાશતા,
સૂર્ય ચંદ્ર ત્યારે આવી બિરાજતા
'રૂપા' હૃદય જોઈ ઘેલું બને રે... આજ.....
રાસ રમે અંબા, કાળકાને બહુચરી
જ્ઞાની અજ્ઞાની સૌની દૃષ્ટિ ત્યાં ઠરતી
માતા મારી તો કંકુ વેરે... આજ.....

# રંગોળી - મનીષા નિલેશ કડકીઆ (લટકારી)









SHREE BALASINOR NAVYUVAK SANGH
75
YEARS OF EXCELLENCE
ESTD.: 1950
DIAMOND JUBILEE

# શું નસીબમાં લખ્યું હોય એવું જ થતું હોય છે..... ?

✍ **નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)**

દુનિયાના કોઈપણ મહાન માણસને ખબર નહોતી કે, તેનો જન્મ કોઈ મહાન કાર્ય માટે થયો છે. એ બધા જે કરતાં હતાં તે પૂરા દિલથી કરતાં રહ્યા અને મહાનતાની મંઝિલે પહોંચી ગયા. આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો જન્મ થયો, ત્યારે તે ખૂબ જ નબળા હતા. એટલા બધા નબળા હતા કે ચાર વર્ષના થયા ત્યાં સુધી તો બોલી પણ નહોતા શકતા. તેમના શિક્ષકે તેમના ઘરના લોકોને કહ્યું હતું કે આ છોકરો એની જિંદગીમાં કંઈ જ કરી શકશે નહીં. પણ આલ્બર્ટ આઈન્સ્ટાઈને મોટા થઈને શું કર્યું એ આખી દુનિયા જાણે છે.

તમને કોઈ એવું પૂછે કે, તમે નસીબમાં માનો છો ? તો તમે શું જવાબ આપો ? મોટા ભાગના લોકોનો જવાબ 'હા' માં જ હશે કે અમે નસીબમાં માનીએ છીએ. માનવાવાળા તો એમ પણ માને છે કે બધું જ લખેલું છે. જિંદગીનો આખો પ્રોગ્રામ અગાઉથી જ સેટ થઈ ગયો છે. આપણે તો ફક્ત આપણો રોલ નિભાવવાનો હોય છે. જન્મ્યા ના છઠ્ઠા દિવસે જ વિધાતા વિધિના લેખ લખી નાખે છે, એવી પણ એક માન્યતા છે. હાથની રેખાઓથી માંડી કુંડળીના ગ્રહો આપણને જીવનભર જુદા જુદા રંગો બતાવતા રહે છે. આમ છતાં ખરેખર નસીબ જેવું કંઈ છે કે નહીં, એ સવાલ ભગવાન છે કે નહીં એ પ્રશ્ન જેટલો જ ગૂઢ, રહસ્યમય અને રસપ્રદ જેવો છે ?

હવે બીજો સવાલ, માણસને જો ખબર હોય કે તેના નસીબમાં આવું લખ્યું છે, તો એ જેટલી મહેનત કરે છે એટલી મહેનત કરત ખરો ? માની લઈએ કે નસીબ જેવું કંઈ છે તો પણ એની સૌથી મોટી મજા જ એ છે કે, એમાં શું લખ્યું છે એ આપણને ખબર નથી. હકીકત તો એ છે કે નસીબને નસીબ ઉપર છોડી દેવું જોઈએ. માણસ જે કરતાં હોય એ કરતાં રહેવું જોઈએ. નિષ્ફળતા, હતાશા અને નિરાશા માટે દોષ દેવા જો સૌથી વધુ હાથવગું કોઈ સાધન હોય તો એ નસીબ છે. મારાં નસીબ જ ખરાબ છે, એવું માણસને જિંદગીમાં ઘણીવાર થયું જ હોય છે. ઘણાં માટે તો એની ફ્રિકવન્સી રોજેરોજની અને ઘડીએ ઘડીની હોય છે. નસીબની એક વાત એ પણ છે કે નસીબને દોષ દેતા રહેવાથી નસીબ બદલી જતું નથી. જે લોકો માત્ર નસીબને દોષ દેતા ફરે છે એ કશું જ કરી નથી શકતા અને જેને પોતાની જાત ઉપર ભરોસો નથી હોતો એ જ લોકો નસીબને દોષ દેતા હોય છે.

માણસ દરેક કામ ગણતરી માંડીને જ કરે છે. હું આટલું કરું તો મને આટલું મળવું જ જોઈએ. એ ન મળે ત્યારે કહે છે સાલ્લુ નસીબ જ ખરાબ છે. યાદ રાખો, મહેનત કરો તો પણ તમે જે ધાર્યું છે એ મળે જ એવું ઘણી વખત શક્ય નથી બનતું. મહેનત કર્યા પછી ધાર્યું ન મળે તો આપણે એ પરિસ્થિતિ સ્વીકારી શકતા નથી. તકલીફ એ પણ છે કે આપણાં નસીબની સરખામણી પણ બીજાનાં નસીબ સાથે કરતાં રહીએ છીએ, અને આપણાં નસીબને કોસતા રહીએ છીએ. મારા કરતાં એનાં નસીબ સારાં છે. એ મારાથી ઓછી મહેનત કરે છે, તો પણ મારાથી આગળ છે. ઘણાંની સફળતા જોઈને લોકો એવું પણ બોલતા હોય છે કે ખરેખર નસીબ જેવું કંઈ હોય છે હોં, બાકી એ ક્યાંય ચાલે તેવો નથી. આવું બોલીને સરવાળે તો આપણે આપણી જાતને આશ્વાસન જ આપતાં હોઈએ છીએ. જે એવું માને છે કે મારાં નસીબ સારાં જ છે એ કદાચ વધુ સરળતાથી મેળવી શકે છે. એવા લોકો કદાચ નિષ્ફળતાને પણ સમજી શકે છે કે મારાં નસીબ સારાં જ છે એ કદાચ વધુ સરળતાથી સફળતા મેળવી શકે છે. એવા લોકો કદાચ નિષ્ફણતાને પણ સમજી શકે છે કે મારા પ્રયત્નોમાં જ કંઈક ખામી હતી. સત્ય સ્વીકારવું સહેલું નથી હોતું. ત્યારે દોષનો ટોપલો નસીબ પર ઢોળે છે.

એક માણસે ભગવાનને ખૂબ પ્રાર્થના કરી. અંતે

ભગવાન પ્રસન્ન થયા. ભગવાને કહ્યું, માંગ, તને શું જોઈએ છે? પેલા માણસે આખું લીસ્ટ ધરી દીધું. ભગવાન હસવા લાગ્યાં, અને કહ્યું તું માંગે છે એ બધું જ મળે પણ મારે તને એક વાત કહેવી છે. એ વાત એવી છે કે હું સીધે સીધું ફળ નથી વહેંચતો, હું તો માત્ર બી જ વહેંચું છું. હું તો બધાને બી જ આપું છું. તને ફળ જોઈતું હોય તો તું એ બી ને વાવ, છોડની માવજત કર, કળીનું જતન કર એટલે ફળ તો આપોઆપ ઊગશે. ભગવાને આવાં બી તો આપણને બધાને આપ્યાં જ છે. કેવું ફળ મળે છે તેનો આધાર તો આપણી મહેનત અને માવજત ઉપર છે.

નસીબ હોય તો પણ એને લોખંડના સામાનને જેમ ચમકાવીએ છીએ તેમ તેને પણ ચમકાવતા રહેવું પડે છે. જો ચમકાવતા ન રહીએ તો લોખંડની જેમ નસીબને પણ કાટ લાગી જાય છે. માણસનું પણ કેવું છે, એ સફળ થશે તો મહેનતને જશ આપશે અને નિષ્ફળ જશે તો નસીબને દોષ દેશે. યાદ રાખો, સારું થાય એટલા માટે કંઈ ન કરો, કરવું છે અને બેસ્ટ કરવું છે એવું વિચારીને જે કંઈ કરતાં હો એ કરતાં રહો પછી જે થશે એ સારું જ થશે. મંઝિલની સાચી મજા સફરમાં જ છે. સફરનો આનંદ માણશો તો મંઝિલની મજા લૂંટી શકશો. જો સફરને મજૂરી જ સમજશો તો મંઝિલ આવશે ત્યારે તમે થાકી ગયા હશો, પછી જે મળ્યું હશે તેની મજા પણ માણી નહીં શકો.

સુખ અને શાંતિ એ રોજિંદી ક્રિયા છે પણ આપણે તેની રાહ જોઈને જ બેઠા રહીએ છીએ, પણ એ સમય ક્યારેય આવતો જ નથી. નસીબમાં હશે એ થશે એવું માનીને બેસી રહેનાર માણસ એ સમજતો નથી કે અંતે તો તમે જેવું કરો છો એવું જ થવાનું છે. જેને પોતાની જાત પર ભરોસો નથી હોતો એને નસીબ પણ સાથ નથી દેતું. ખરી રીતે તો નસીબ એ છે જેનું તમે સર્જન કરો છો. દરેક માણસ પોતે જ વિધાતા છે. વિધિના લેખ આપણે જ લખવાના હોય છે અને એના માટે લખતાં અને મહેનત કરતા શીખવું પડે છે. તમે એક વિચાર કરો કે તમે અત્યારે જે છો એ તમારા નસીબના કારણે છે કે તમારી મહેનતના કારણે? લાંબું વિચારશો તો એવું પણ લાગશે કે જો આ તમારું નસીબ હતું તો પણ તમને તમારી મહેનતથી જ મળ્યું છે. ઘણી વખત કોઈ આપણને મદદ કરે ત્યારે આપણને એવું લાગતું હોય છે કે એણે મારું નસીબ બદલી નાખ્યું. હકીકતે એવું પણ હોતું નથી. સરવાળે તો માણસ લાયક અને મહેનતું વ્યક્તિ ઉપર જ પસંદગી ઉતારતો હોય છે. તમે જે હોવ છો એ અંતે તો તમારા નસીબ નહીં પણ તમારી મહેનતના કારણે જ હોય છે. સીધી ને સટ વાત એટલી જ હોય છે કે જેટલું કરશો એટલું પામશો. નદીમાં પડી જઈએ તો તરવું જ પડે. નસીબમાં હશે તો બચી જશું એવું વિચારીને જો તરીએ નહીં તો ડૂબી જ જઈએ. જે એવું વિચારે કે હું તરીશ તો બચી જઈશ એ જ સરવાળે કિનારે પહોંચી શકે છે.

તમને ખબર છે કે તમારાં નસીબ ખરેખર ખૂબ જ સારાં છે, પણ ના આપણે એવું માનતા નથી, કારણ કે આપણને આપણી પરિસ્થિતિથી સંતોષ જ હોતો નથી. આપણે નસીબને પણ સાધનો અને સંપત્તિથી માપતા હોઈએ છીએ, સુખ અને શાંતિથી નહીં. તમે જો તમારી જાતને સુખી માનતા હો તો તમે ખરેખર દુનિયાની સૌથી લકી વ્યક્તિ છો. તમારા નસીબની સરખામણી કોઈની સાથે ન કરો, તમે જ પામો તેના માટે ખુશી મહેસૂસ કરો. તમે જે કરો છો એ કરતાં રહો અને જિંદગીની દરેક ક્ષણનો આનંદ ઉઠાવો.

નસીબ એ જ છે જે તમે તમારા વિશે માનો છો. બધું જ સારું છે પણ એવું માનવાની તમારી તૈયારી છે? ના, આપણે તો એવું જ માનીએ છીએ કે કંઈ જ સારું નથી. બાય ધ વે, તમે શું માનો છો? તમારું નસીબ કેવું છે? હોય છે તો સારું જ, બાકી તો એ આપણે માનતા હોઈએ એવું જ આપણને લાગવા માંડે છે.

દુર્ભાગ્ય હંમેશા તેને જ નડે છે જે પોતાની જાતને તેના માટે સાચવી રાખે છે. ☆☆☆

# જીવન શું જીવવાની કળા છે ?

✍ કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

દરેક મનુષ્યને જીવનમાં જુદાં જુદાં એમના અનુભવો થાય છે. દરેક અનુભવ એના જીવનનું એક અંગ બની રહે છે. તેમાં અનુભવ કરનાર, કરાવનાર અને અનુભવવાની ક્રિયાનો સમાવેશ થાય છે. ત્યારે કેવી રીતે શાશ્વત શાંતિ મળે અને આધ્યાત્મિક વિકાસ કેવી રીતે થાય ? વિજ્ઞાને ભૌતિક વસ્તુઓનો ખૂબ જ વિકાસ કર્યો છે. જીન અને સ્ટેમ સેલ બદલાવી મનુષ્યને નિરોગી અને લાંબુ આયુષ્ય માટે પ્રગતિ થઈ છે. ડિસ્કવરી વાહન, ઈન્ટરનેટ, કોમ્પ્યુટર મોબાઈલ ફોનથી દુનિયા કેટલી નાની થઈ ગઈ છે. આટલા બધા વિકાસ પછી પણ શાંતિ ક્યાં ?

આપણો આંતરિક અને આધ્યાત્મિક વિકાસ સાધી, સાચી શાંતિ અને સંતોષ મળે તેવા ઉચ્ચ વિચારો ઉચ્ચ જીવન તરફ લઈ જનારા હોય છે.

મનુષ્યને જીવનાં અનુભવ કરવા માટે શરીર, મન, બુદ્ધિ અને અંતરઆત્માના ચાર અંગો આપ્યા છે. શરીરને પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેદ્રિયો આપી છે. આ શરીર જુદાં જુદાં આકાર અને રંગનું હોવા છતાં, અંગો અને તત્વોનું કાર્ય બધાં એક જ પ્રકારના હોય છે.

મન એ બહુ જ ચંચળ અંગ છે. મન એટલે વિચારોનો પ્રવાહ - લાગણી અને ભાવનાઓનું ઉગમસ્થાન. મનમાં જાતજાતનાં વિચારોનું - બુદ્ધિથી બરાબર વિશ્લેષણ ન કરીએ તો પરિપકવ વિચારો આપણને દુઃખ તરફ દોરી જાય છે. સંપૂર્ણ વિશ્લેષણ બુદ્ધિથી કર્યા પછી જ કાર્ય કરવા કર્મેન્દ્રિયોને કરવાથી અને જાત પર સંયમ રાખવાથી સુખ અને શાંતિ મેળવવી જરૂરી છે.

ચોથું અંગ છે અંતઃકરણ, આ અંતઃકરણ જ શરીર, મન અને બુદ્ધિને ચલાવે છે. અંતઃકરણ એ પરિવર્તન વગરનું શાશ્વત તત્વ છે. આત્મા છે. ઈશ્વર છે. અંતઃકરણ વગર શરીર, મન, બુદ્ધિમાં પ્રાણ નથી. જીવનનું લક્ષ છે. શાશ્વત સુખ અને શાંતિ ભૌતિક વસ્તુઓ ભેગું કરી ભોગવવાનો પ્રયત્ન કરે છે. દરેક વસ્તુ દરેકને સુખ નથી આપતી. વળી એ જ વસ્તુ અમુક હદ સુધી જ આવકારદાયક - સુખદાયક હોય. અમુક વખતે તે વધુ સારી લાગે તે બીજા સમયે ન પણ લાગે. સુખ કોઈ વસ્તુમાં નથી, પણ માણસની સ્થિતી સાથે મન પર છે. મનને એ રીતે કેળવો કે કોઈ વસ્તુ મળે તો પણ ઠીક છે અને એ ન મળે તો પણ ઠીક. ઈચ્છાના ગુલામ ન થાઓ.

અંતઃકરણને મહત્વ આપો. અને સજાગ રાખો તો વારંવાર બદલાતા સંજોગો, લાગણી અને વિચારોની કોઈ અસર તમને નહીં થાય. કેવી રીતે સજાગ રાખી શકાય તે શીખવું જરૂરી છે. અંતઃકરણની શુદ્ધતા એ સૌથી ઉત્તમ છે.

ધ્યાનથી વિચારોનું સંપૂર્ણ શમન થાય છે અને શાંતિ પ્રાપ્ત થાય છે. કૂતુહલવૃત્તિ સંસાર તરફ જાય તો જિજ્ઞાસાવૃત્તિ આત્મા તરફ લઈ જનાર છે. ઉતાવળિયા સ્વભાવમાં ધીરજને સ્થાન નથી હોતું. કુતુહલવૃત્તિ ધીરજ અને વિવેક નષ્ટ કરે અને તે વૃત્તિ અશાંતિ ઉપજાવનારી છે. ધ્યાનથી મનની ચંચળતા ઘટશે અને કુતૂહલવૃત્તિ પણ શાંત થશે. તેનાથી વિનય અને વિવેક જળવાય છે. વળી જિજ્ઞાસાના સમાધાનથી જીવનમાં શાંતિ પ્રાપ્ત થાય છે અને કુતૂહલતાનો ત્યાગ વધુ ફાયદો કરે છે.

ચાલો પ્રયાસ કરીએ કે જીવનમાં શું ''છોડી દેવું'' કોઈકને એકાદબે વાર સમજાવવું, પણ ન સમજે તો ફરી ફરી સમજાવવાનું છોડી દેવું, છોકરાઓ મોટા થઈ પોતાના નિર્ણય લેતા થાય તો તેમની પાછળ પડવાનું ''છોડી દેવું'' થોડા જ લોકો સાથે ઋણાનુ બંધ હોય છે. તો એકાદ સાથે ન જામે તો ''છોડી દેવું'' આપણા હાથમાં કાંઈ નથી એ અનુભવે સમજાય છે. ભાવિની ચિંતા કરવાનું ''છોડી દેવું'' ઈચ્છાઓ અને ક્ષમતા વચ્ચે વધુ અંતર થવા લાગે તો અપેક્ષાઓનો બોજો લઈ

ફરવાનું ''છોડી દેવું'', પ્રત્યેકના જીવનમાં જીવનનું ચરિત્ર, ક્ષમતા, સંવેદના બધું જ અલગ હોય છે, તેથી તુલના કરવાનું ''છોડી દેવું''. જીવન અનુભવોનો ખજાનો છે. આખી જીંદગી નાહકનો બોજો લેવાનું ''છોડી દેવું''. પાસે જ પુરતું જ છે. વધુ મેળવવાની લાહમાં ચારેકોર, ભટકવાનું ''છોડી દેવું'' સમજાય તો ઠીક પણ વાત વિષે ઝાઝુ વિચારવાનું છોડી દઈ, જાતે સુધરવાનું શરૂ કરવું.

હું જ બધું કરું છું અને મારા વિના કંઈ થાય એમ નથી, એવા ભ્રમમાં રહેવાનું ''છોડી દેવું''. સમયે ગરજ પડ્યે, ગધેડાને પણ બાપ કહેવો પડે છે માટે કોઈની જરૂર નથી એવા ગુમાનમાં રહાવનું ''છોડી દેવું''. આજ તમારો દિવસ છે, કાલે ન પણ હોય માટે વાતે વાતે અપમાન કરવાનું ''છોડી દેવું''.

આપણે દુન્યવી ચીજો એકઠી કરવામાં એટલા મશગૂલ છીએ, કે જન્મજાત સંવેદનશીલ સ્વભાવ ખોઈ બેઠા છીએ અને આપણી આંખોને ઠંડક આપતું ''શ્રેષ્ઠત્તમ તિજોરી'' તરફ વધુ છે.

પ્રકૃતિની વિરૂદ્ધ મરજી મુજબ જીવી તો શકીશું, પણ જલદી ખલાસ થઈ જઈશું. બીજાઓ માટે વિચારનારા માણસોનું જીવન સાર્થક ગણાય કારણ આપણે સૌ પ્રથમ માણસ છીએ.

શ્રી કૃષ્ણ ભગવાને જનહિતાર્થે ગીતામાં સૌને ઉપદેશ આપ્યો તેનાથી માર્ગદર્શન મેળવી પોતાનું જીવન કેમ વધુને વધુ ઉન્નત બને અને તેની પ્રેરણામાં બધા જ મેનેજમેન્ટ આવી ગયા છે. જેવા કે ટાઈમ, પૈસા, રિલેશનશિપ, હેલ્થ, સ્ટ્રેસ, ગુસ્સો, ડાયેટ, ધીરજતા તેમજ દરેક વાતોનું નિરાકારણ જે આવતા અંકમાં વધુ માહિતી મળશે. તેથી તે રીતે વર્તીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થી સિદ્ધિને પામી શકાય. **(ક્રમશઃ)**


**MENTCO**
Experience - Reliability - Value
**MENTCO MANUFACTURING PVT.LTD**
(AS9100:2016 D & ISO 9001:2015)
We are a contract manufacturer, importer, and distributor with a specialization in –



We are known for our High-Quality Manufacturing, Responsive Customer Service, Skilled Professionals, and Timely Delivery.

We serve industry like – Oil & Gas, Semiconductor, Aerospace/ Aviation etc.

Mentco Manufacturing Private Limited
Apple Industrial HUB, Phase 2, Survey No 215/216, Plot No 7,
Palghar Maharashtra, India.

Phone Nos.: +91-9989819633
E-mail: sales@mentcomanufacturing.com / saurabh.mehta@mentco.com



**શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**
**SANKALP ASTROLOGIST CONSULTANT**
**JYOTIRVID (MUMBAI)**
**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**
**(મૂડેતી - અમદાવાદ)**
જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
**Email : bhattgopal59@gmail.com**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે જુલાઈ - ૨૦૨૪ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી મણીબેન મણીલાલ ધારીઆ | ડીસ્પેન્સીંગ વિભાગ | ૨૬૦૯ |
| ૨. | શ્રી શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) | સર્જીકલ વિભાગ - તેમજ સર્જીકલ ડ્રેસીંગ | ૬૫૫ |
| ૩. | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) | ગાયનેક વિભાગ | ૮૩૩ |
| ૪. | શ્રીમતી લીલાબેન કિર્તનલાલ દોશી | નેત્ર વિભાગ | ૧૬૯૬ |
| ૫. | શ્રીમતી ઈંદુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) | મનોચિકિત્સા વિભાગ | ૧૭૪ |
| ૬. | શ્રી મોજીલાલ છોટાલાલ ધારીઆ | ફિઝિયોથેરાપી વિભાગ | ૬૭૩ |
| ૭. | શ્રી મણીલાલ ચંદુલાલ પરીખ | એક્સરે વિભાગ | ૪૭૬ |
| ૮. | શ્રી મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ | સોનોગ્રાફી વિભાગ | ૨૨૨ |
| ૯. | શ્રી પૂનમચંદ ચંદુલાલ શાહ (કડકીઆ) | ઈમરજન્સી વિભાગ | ૧૩૭ |
| ૧૦. | શ્રી ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ | પેથોલોજી વિભાગ | ૪૬૬૩ |

તેમજ સર્જનના ૧૮ મેજર ઓપરેશન તથા ૨૬ માઈનોર ઓપરેશન અને ગાયનેકના મેજર ઓપરેશન ૨૫ તથા ૦૬ માયનોર ઓપરેશન,તથા ઈ.એન.ટી.ના ૩૩ માયનોર ઓપરેશન, તેમજ આંખના ૧૦૦ મેજર ઓપરેશન કરવામાં આવેલ છે. તેમજ દવાની કુલમાફી રૂ.૧૦૬૧૪૭૮/- તેમજ ઈન્ડોરમાં રૂ.૩૪૯૭૦/-ની માફી તેમજ ઓ.પી.ડી.માં (લેબ,એક્ષરે,ઓક્સીજન વિગેરેમાં) રૂ. ૬૨૩૪૦/- ની માફી મળીને કુલ રૂ.૧૧૫૮૭૮૮ /- ની માફી કરવામાં આવેલ છે.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.

**(૧) કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પ:** તા. ૧૯/૦૭/૨૦૨૪ ના રોજ ૫૫ દર્દીઓની આંખમાંથી રાહતદરે છારી કાઢવામાં આવેલ.

**(૨) મણીબેન મોહનલાલ શાહ(વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઇકોકેમ્પ :** તા.૦૪/૦૭/૨૪નારોજ ૧૫ દર્દીઓના તથા તા.૧૧/૦૭/૨૪ નારોજ ૨૬ દર્દીઓના તેમજ તા. ૧૮/૦૭/૨૦૨૪ ના રોજ ૨૦ દર્દીઓના તેમજ તા. ૨૫/૦૭/૨૦૨૪ ના રોજ ૨૩ દર્દીઓના ઇકો રાહત દરે કરવામાં આવેલ.આમ કુલ ૮૪ ઇકો રાહત દરે કરવામાં આવેલ છે.

**(૩) શ્રીમતી તરુલત્તાબેન મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વ રોગ નિદાન કેમ્પ :** તા. ૧૩/૦૮/૨૦૨૪ તથા તા. ૧૪/૦૮/૨૦૨૪ ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૫૦૮ દર્દીઓએ લાભ લીધેલ છે.તમામ દર્દીઓનું નિદાન વિના મૂલ્યે કરવામાં આવેલ. તથા જરૂરીયાતવાળા દર્દીઓને રૂ.૮૯૬૯૧/- ની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

**(૪) શ્રી શશીકાંતભાઇ સાંકરલાલ શાહ (નાણાવટી ) અને શ્રીમતી અનસુયાબેન શશીકાંતભાઇ શાહ હાડકાનાં રોગોનો નિદાન કેમ્પ :** તા. ૧૪/૦૮/૨૦૨૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમા કુલ ૫૯ દર્દીઓનું નિદાન વિના મૂલ્યે કરવામાં આવેલ. આ કેમ્પમાં હાડકાના રોગોના ડૉ. જયેશ પટેલે સેવાઓ આપેલ હતી.

**(૫) શ્રીમતી ઉષાબેન અને શ્રી ચંદ્રવદન શાહ ચામડીના રોગોનો નિદાન કેમ્પ :** તા. ૧૪/૦૮/૨૦૨૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૫૯ દર્દીઓનું નિદાન વિના મૂલ્યે કરવામાં આવેલ. આ કેમ્પમાં ચામડીના રોગોના ડૉ.વિવેક પટેલે સેવાઓ આપેલ હતી.

**(૬) શ્રીમતી મંજુલાબેન અને શ્રી જયંતીલાલ લલ્લુભાઇ ધારીઆ (હેડમાસ્તર) કાન,નાક અને ગળાના રોગોનો નિદાન કેમ્પ :** તા. ૧૪/૦૮/૨૦૨૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૩૩ દર્દીઓનું નિદાન વિના મૂલ્યે કરવામાં આવેલ. આ કેમ્પમાં કાન,નાક અને ગળાના રોગોના ડૉ. નૈમેશ પંચાલે સેવાઓ આપેલ હતી.

**(૭) શ્રીમતી સરલાબેન મનહરલાલ કડકીઆ (મલમ) દાંતના રોગોનો નિદાન કેમ્પઃ** તા. ૧૪/૦૮/૨૦૨૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૦૯ દર્દીઓનુ નિદાન વિના મૂલ્યે કરવામાં આવેલ. આ કેમ્પમાં દાંતના રોગોના ડૉ.જીલ શાહે સેવાઓ આપેલ હતી.

## કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશિયાલીટી સેન્ટર (કુણીવાલા કેમ્પસમાં) માં માહે જુલાઈ ૨૦૨૪ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી લીલાબેન અને ડૉ. બાબુલાલ સાંકરલાલ દેસાઈ | ફિઝીશીયન વિભાગ | ૧૨૦૦ |
| ૨. | શ્રીમતી શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી | ઈ.એન.ટી. વિભાગ | ૧૫૮ |
| ૩. | શ્રી શશીકાંતભાઈ સાંકરલાલ શાહ (નાણાવટી) | ઓર્થોપેડીક વિભાગ | ૪૫૭ |
| ૪. | શ્રી રમણભાઈ જેઠાલાલ કચેરીઆ | સ્કીન વિભાગ | ૨૧૫ |
| ૫. | શ્રીમતી પ્રવિણાબેન દિલીપકુમાર ધારીઆ | દંત વિભાગ | ૭૭ |
| ૬. | શ્રીમતી કોકીલાબેન શિરીશભાઈ મોદી | કેજ્યુલ્ટી વિભાગ | ૧૦૩ |

તથા ગેસ્ટ્રોલોજી વિભાગના ૧૮ મળી કુલ ૨૨૨૮ દર્દીઓએ તથા ઇન્ડોરમાં ૧૦૮ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૪૮૪ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૧૧૩૧ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં ૪૭ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ ૨૩૨ ઈ.સીજી. કાઢવામાં આવેલ છે. તેમજ દવાની કુલ રૂ. ૯૯૦૭/- ની માફી કરવામાં આવેલ છે.

ડાયાલીસીસમાં સરકારશ્રીની યોજના હેઠળ ૨૬૮ દર્દીઓએ લાભ લીધેલ છે.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન

**૧.** શ્રી નિખિલ બાબુલાલ પરીખ ( આજીવન સભ્યફી ) રૂા. ૫,૦૦૦/-

## કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ : ૨૮ મી વાર્ષિક તથા શ્રી બાલાસિનોર સેવા સમાજ,બાલાસિનોર ૬૦મી વાર્ષિક સામાન્ય સભાઃ

તા. ૨૬/૦૯/૨૦૨૪ ને ગુરુવારના રોજ સાંજે ૦૬.૦૦ કલાકે નિયામક ઓફિસ : C/o.શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, ''શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ ( કોલકત્તાવાલા ) સભાગ્રહ'' ૪૫-૪૯,બાબુગેનુ રોડ, મુંબઈ-૪૦૦૦૦૨ મધ્યે રાખવામા આવેલ છે. સર્વે ટ્રસ્ટીશ્રીઓએ હાજર રહેવા વિનંતિ.

**શ્રીમતી સુભદ્રાબેન નવિનચંદ્ર શાહ નર્સિંગ કોલેજ :** તા. ૦૧/૦૮/૨૦૨૪ ના રોજ 'ફ્લોરેન્સ નાઇટીંગલ દિવસ'ની

ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી રજનીકાંત ઓછવલાલ શાહ તેમજ સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઇ દેસાઇ તથા શ્રી કલ્પેશભાઇ પરીખ તથા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ના પ્રિન્સીપાલ શ્રી માછીસાહેબે પ્રસંગોપાત વ્યક્તવ્ય આપ્યું હતું. નર્સિંગ કોલેજની પાંચ વિધ્યાર્થીનીઓ ટોપર આવી છે. તેઆપણી કોલેજનું ગૌરવ છે.

**સ્વાતંત્ર્યદિન નિમીત્તે ધ્વજવંદન :** તા. ૧૫/૦૮/૨૦૨૪ ના રોજ પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઇ દેસાઇના વરદ હસ્તે સવારે ૮.૩૦ કલાકે કે.એમ.જી.જનરલ હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુ. શ્રીરજનીકાંતભાઇ, શ્રી રાવજીભાઇ અને શ્રી કૌશીકભાઇએ પ્રાસંગિક સમ્બોધન કર્યુ હતુ. આ પ્રસંગે મોટી સંખ્યામા ટ્રસ્ટીઓ તથા સ્ટાફ મેમ્બર હાજર રહ્યા હતા.

**નોંધ :** કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટના આજીવન સભ્યો, ટ્રસ્ટીઓ, દાતા ટ્રસ્ટીઓના સરનામા તેમજ મોબાઈલ નંબર બદલાયા હોય તો મહેરબાની કરીને નીચે દર્શાવેલા હોદ્દેદારોના ઈમેલ આઈડી ઉપર તથા મો.નં. ઉપર જાણ કરવા વિનંતી.

નર્સિંગ કોલેજના મકાનનું બાંધકામ ચાલુ થઈ ગયેલ છે. નર્સિંગ કોલેજના બાંધકામ માટે જે અપીલ કરવામાં આવી હતી તે અપીલનો દાતાશ્રીઓ તરફથી ખૂબ જ સારો પ્રતિભાવ મળેલ છે. આજ સુધી રૂપિયા ૦૪ (ચાર) કરોડનું દાન મળેલ છે અને હજુ વધુ રૂપિયા ૦૩ (ત્રણ) કરોડના દાનની જરૂરિયાત છે. સર્વે સખાવતી દાતાશ્રીઓએ યોગ્ય પ્રતિસાદ આપવા અને ઉદાર હાથે દાન આપવા વિનંતી.

સ્કીમો અંગે શ્રી વ્રજેશભાઈ દેસાઈ (ભંડોળ સમિતીના અધ્યક્ષ) (૯૮૨૦૦૩૯૩૦૪) તેમજ આ અંગે અપીલમાં નીચે જણાવેલ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

**શ્રી નીતિન પરીખ (ઉપપ્રમુખશ્રી) - ૯૮૨૧૦૩૯૦૮૭ - Email : nitinkmg@gmail.com**
**શ્રી પરેશ પરીખ (માનદ્ મંત્રીશ્રી) - ૯૮૨૧૦૨૪૩૯૯ - Email : pparikh58@gmail.com**
**શ્રી જતીન દેસાઈ (માનદ્ મંત્રીશ્રી) - ૯૮૨૦૦૪૯૧૩૪ - Email :sujatient@gmail.com**
**શ્રી યોમેશભાઈ શાહ (ખજાનચી) - ૯૩૨૨૨૪૫૧૪૩ - Email :yomesh2611@gmail.com**

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજના**માં રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા વિનંતી.

**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઈ - માનદ્ મંત્રીશ્રીઓ**

---

## પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

- **શ્રી નિમીષ એન. દેસાઈ**
  ૧૯૦૪ - એ વિંગ, ૧૯ મે માળે, આદિત્ય હાઈટ્સ,
  સાને ગુરુજી માર્ગ,તારદેવ, મુંબઈ - ૪૦૦૦૩૪
- **ક્રીના શાહ**
  ૮૦૧, ૮ મે માળે, પેલેસ કો.હા.સો. લીમીટેડ,
  હિંદુજા હોલની પાસે, દૌલત નગર નંબર-૯,
  બોરીવલી (ઈ), મુંબઈ - ૪૦૦૦૬૬
  ક્રીના શાહ - ૯૮૬૭૬૬૦૭૭૭
  અંકીત શાહ - ૯૭૭૩૪૪૪૯૨૨
  સમીર શાહ - ૯૭૭૩૩૮૫૦૭૦

**સુધારો :** પ્રકીર્ણ વિભાગમાં મૃત્યુ નોંધ કોલમમાં ગતાંકમાં છપાયેલ નામ આ રીતે વાંચવું
હંસાબેન નવનીતલાલ ધારીઆ (ફાફા) ૮૭

## મૃત્યુ નોંધ

- નિશાબેન નંદિશકુમાર કડકીઆ ૭૦
- નિશીથ રસિકલાલ કાપડીઆ (જેઠા જવર) ૬૮
- કુંજલતા જયેન્દ્ર કડકીઆ (ટોકરશી) ૮૧
- ભાનુમતી હરીવદન શાહ (મલમ) ૮૪

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

## AMRISH KACHARIA

Mobile : +91 9769025153

# PRABHAT WIRES LLP


1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai-400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Email : sales@prbhatwires.in
Website : www.prabhatwires.in

Authorised Distributors :

**POLYCAB**
IDEAS. CONNECTED.

CABLES & WIRES




- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES

Publishing day 20th of every month

44

JYOTI PUNJ - September - 2024

WPP License No. MR/TECH/WPP-147/South/2024-26
Regd.No.MCS / 050 / 2024-26
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections®

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

IES®

Celebrating 25th Year

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS®

Your Indian Distribution Partner

Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ASHLY lumenradio Luminex CAPTURE DJPOWER

Concept · Design · Installation · Supply · Training · Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

To,

If not delivered please return to
JYOTI PUNJ
Shree Balasinor Navyuvak Sangh
118/120, Ardeshar Dadi Street, 2nd Floor,
V.P.Road, Mumbai - 400004.

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.